# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14.04.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ગુજરાતના ગાંધીનગરમાં લોકભવન ખાતે ડૉ. બી.આર. આંબેડકરની જન્મજયંતિ પ્રસંગે આયોજિત સામાજિક સમરસતા મહોત્સવમાં ભાગ લેશે

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉતરપ્રદેશ અને ઉત્તરાખંડની મુલાકાત લેશે અનેક કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે

3) ભારતીય બંધારણના મુખ્ય ઘડવૈયા ડૉ. ભીમરાવ આંબેડકરને આજે તેમની 136મી જન્મજયંતિ પર સમગ્ર દેશમાં શ્રદ્ધાંજલિ

4) પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીના પહેલા તબક્કાના મતદાન માટે રાજકીય પક્ષો દ્વારા જોરશોરથી ચુંટણી પ્રચાર

5) અમેરિકન નૌકાદળે ઈરાની બંદરોની સંપૂર્ણ દરિયાઈ નાકાબંધી શરૂ કરી

.............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# GUJRAT - PREZ VISIT DAY 2

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ગુજરાતના ગાંધીનગરમાં લોકભવન ખાતે ડૉ. બી.આર. આંબેડકરની જન્મજયંતિ પ્રસંગે આયોજિત સામાજિક સમરસતા મહોત્સવમાં ભાગ લેશે. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ રાષ્ટ્રપતિ મુર્મુ ગાંધીનગરમાં રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના પાંચમા દીક્ષાંત સમારોહમાં હાજરી આપશે, જ્યાં આશરે 593 વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રપતિ ગઈકાલથી ગુજરાતની બે દિવસની મુલાકાતે છે.

# PM-UP UK VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતમાં આજે ઉત્તરાખંડના દેહરાદૂનમાં દિલ્હી-દહેરાદુન આર્થિક કોરિડોરનો આરંભ થશે. તેઓ કોરિડોરના એલિવેટેડ વન્યજીવન કોરિડોરનું પણ નિરીક્ષણ કરશે. ત્યારબાદ શ્રી મોદી દેહરાદૂન નજીક જય મા દાત કાલી મંદિરની મુલાકાત લેશે અને પૂજા અર્ચના કરશે.

અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ

## VC – સાક્ષી સિંહ

આ પ્રદેશની પર્યાવરણીય સંવેદનશીલતા, સમૃદ્ધ જૈવવિવિધતા અને વન્યજીવનને ધ્યાનમાં રાખીને, કોરિડોરને માનવ-પ્રાણી સંઘર્ષ ઘટાડવાના હેતુથી ઘણી સુવિધાઓ સાથે ડિઝાઇન કરવામાં આવ્યો છે. જંગલી પ્રાણીઓની અવરોધ વિનાની હિલચાલ સુનિશ્ચિત કરવા માટે, પ્રોજેક્ટે ઘણા ખાસ વન્યજીવન સંરક્ષણ

પગલાં અમલમાં મૂક્યા છે. બાર કિલોમીટર લાંબા એલિવેટેડ વાઇલ્ડલાઇફ કોરિડોરમાં આઠ પ્રાણીઓ માટે માર્ગો, બે ૨૦૦ મીટર લાંબા હાથી અંડરપાસ અને દતકાલી મંદિર પાસે ૩૭૦ મીટર લાંબી ટનલનો પણ સમાવેશ થાય છે.

# IRAN-AMBASSADOR

ભારતમાં ઈરાનના રાજદૂત ડૉ. મોહમ્મદ ફતાલીએ ઈરાનના સંકટ સમયે વિશ્વસનીય અને વિશ્વાસપાત્ર ભાગીદાર બનવા બદલ ભારત સરકાર અને લોકોનો આભાર વ્યક્ત કર્યો છે. ગઈકાલે સાંજે નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા ડૉ. ફતાલીએ આ મુશ્કેલ સમયમાં તમામ જરૂરી પુરવઠો પૂરો પાડવા બદલ ભારત સરકારનો આભાર માન્યો. ઈરાની રાજદૂતે જણાવ્યું હતું કે ભારત અને ઈરાનના હિતો સમાન  છે અને બંને દેશો વચ્ચે સારા સંબંધો ચાલુ રહેશે.

# AMBEDKAR JAYANTI- WITH VC

ભારતીય બંધારણના મુખ્ય ઘડવૈયા ડૉ. ભીમરાવ આંબેડકરને આજે તેમની 136મી જન્મજયંતિ પર સમગ્ર દેશમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી રહી છે. આ પ્રસંગે દેશભરમાં અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આજે સવારે નવી દિલ્હીના સંસદ ભવન સંકુલમાં શ્રદ્ધાંજલિ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ....

**VC – સૌમ્યા**

# INDIA-FRANCE CONSULTATION

ભારત-ફ્રાન્સ વિદેશ કાર્યાલય પરામર્શ બેઠક ગઈકાલે પેરિસમાં યોજાઇ હતી. આ બેઠકની સહ-અધ્યક્ષતા વિદેશ સચિવ વિક્રમ મિશ્રી અને ફ્રાન્સના યુરોપ અને વિદેશ મંત્રાલયના સેક્રેટરી જનરલ માર્ટિન બ્રાયન્સે કરી હતી. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે બેઠકમાં બંને પક્ષોએ દ્વિપક્ષીય સંબંધોના વિવિધ પાસાઓમાં પ્રગતિની વ્યાપક સમીક્ષા કરી હતી. નિવેદનમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે બંને પક્ષોએ ભારત-ફ્રાન્સ નવીનતા વર્ષ, આર્થિક સુરક્ષા સહયોગ અને દ્વિપક્ષીય વેપારને બમણો કરવાના લક્ષ્ય સહિતની મુખ્ય સિદ્ધિઓની સમીક્ષા કરી હતી.

દ્વિપક્ષીય સહયોગના વ્યૂહાત્મક ક્ષેત્રો, જેમાં સંરક્ષણ, નાગરિક પરમાણુ ઊર્જા, અવકાશ, સાયબર અને ડિજિટલ, કૃત્રિમ બુદ્ધિ, સંસ્થાકીય સંવાદ મિકેનિઝમ્સ અને સાંસ્કૃતિક સંબંધોને પ્રોત્સાહન આપવા માટેની પહેલોનો સમાવેશ થાય છે, તેની પણ ચર્ચા કરવામાં આવી હતી.

મંત્રાલયે જણાવ્યું હતું કે બંને પક્ષોએ પર્યાવરણ, આબોહવા પરિવર્તન અને આરોગ્ય જેવા વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી હતી. બેઠક દરમિયાન ભારત-પ્રશાંત ક્ષેત્રમાં સહયોગ, ત્રિપક્ષીય સંવાદો, ત્રીજા દેશોમાં સંયુક્ત વિકાસ પ્રોજેક્ટ્સ અને પશ્ચિમ એશિયા અને યુક્રેનમાં વિકાસની પણ ચર્ચા કરવામાં આવી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## WB-CAMPAIGN

પશ્ચિમ બંગાળમાં 23 એપ્રિલે યોજાનારી વિધાનસભા ચૂંટણીના પહેલા તબક્કાના મતદાન પહેલા રાજકીય પક્ષોએ જોરશોરથી પ્રચાર શરૂ કરી દીધો છે. રાજકીય પક્ષો રેલીઓ અને રોડ શો કરી રહ્યા છે. તૃણમૂલ કોંગ્રેસ, ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસના નેતૃત્વ હેઠળના ઈન્ડિયા બ્લોક 16 મતદાન જિલ્લાઓમાં મતદારોને આકર્ષવા માટે તેમના પ્રયાસોને તેજ બનાવી રહ્યા છે.

ગૃહમંત્રી અમિત શાહ આજે ઉત્તર બંગાળમાં સવારે સાડા અગિયાર વાગ્યે ઉત્તર દિનાજપુર જિલ્લાના કાલિયાગંજમાં રોડ શો કરશે. ત્યારબાદ તેઓ દક્ષિણ દિનાજપુરના ગોચિયાર ગંગારામપુર મેદાનમાં જાહેર સભાને સંબોધિત કરશે. તેમના આગામી બે કાર્યક્રમો માલદા ઉત્તરના માણિકચક અને ગાઝોલમાં હશે.

તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનર્જી પણ આજે રાજ્યમાં અનેક પ્રચાર કાર્યક્રમોમાં ભાગ લેશે. તેઓ સવારે સાડા અગિયાર વાગ્યે પશ્ચિમ મિદનાપુરના પિંગલામાં જાહેર સભાને સંબોધિત કરશે. કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી પણ આજે રાજ્યમાં પ્રચાર કરશે. તેઓ ત્રણ મોટી રેલીઓમાં ઉપસ્થિત રહેશે.

# SC-LALU PRASAD

સર્વોચ્ચ અદાલતે રાષ્ટ્રીય જનતા દળના વરિષ્ઠ નેતા લાલુ પ્રસાદ યાદવની કથિત જમીન-નોકરી કેસમાં CBI ની FIR અને ચાર્જશીટ રદ કરવાનો ઇનકાર કરી દીધો છે. જોકે જસ્ટિસ એમ.એમ. સુંદરેશ અને એન. કોટિશવર સિંહની બેન્ચે 77 વર્ષીય લાલુ પ્રસાદને નીચલી કોર્ટમાં વ્યક્તિગત રીતે હાજર રહેવાની છૂટ આપી હતી.

સુનાવણી દરમિયાન CBI એ દલીલ કરી હતી કે આ કેસમાં પૂર્વ પરવાનગીની જરૂર નથી, જ્યારે બચાવ પક્ષે દલીલ કરી હતી કે તપાસ કરવાની પરવાનગીનો અભાવ સમગ્ર કાર્યવાહીને ગેરકાયદેસર બનાવે છે. અગાઉ દિલ્હી વડી અદાલતે શ્રી યાદવની ચાર્જશીટ અને FIR રદ કરવાની અરજીને ફગાવી દીધી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે 2018 માં લાગુ કરાયેલ કલમ 17A 2004 થી 2009 વચ્ચે થયેલા ગુનાઓ પર લાગુ પડતી નથી.

આ કેસ શ્રી યાદવના પરિવારના સભ્યો અને સહયોગીઓને જમીન ટ્રાન્સફર કરવાના બદલામાં શ્રી યાદવના રેલવે મંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન રેલ્વેમાં કથિત અનિયમિત નિમણૂકો સાથે સંબંધિત છે.

# US -NAVAL BLOCKADE OF IRANIAN PORTS

પાકિસ્તાનમાં શાંતિ મંત્રણા નિષ્ફળ ગયા બાદ પશ્ચિમ એશિયામાં તણાવ વધી રહ્યો છે, ત્યારે અમેરિકન નૌકાદળ દ્વારા ઈરાની બંદરોની સંપૂર્ણ દરિયાઈ નાકાબંધી શરૂ કરવામાં આવી રહી છે. આ નાકાબંધી ગઈકાલે સાંજે સાડા સાત વાગ્યે લાગુ થઈ હતી. અમેરિકાના મધ્ય કમાન્ડે જણાવ્યું હતું કે આ પ્રતિબંધો પર્સિયન અને ઓમાનના અખાતમાં ઈરાનના દરિયાકાંઠાના વિસ્તારોમાં અવરજવર કરતાં જહાજો પર લાગુ થશે.

અધિકારીઓએ જણાવ્યું કે ઈરાનથી નીકળતા જહાજો હોર્મુઝ સામુદ્રધુનીમાંથી પસાર થઈ શકે છે, જોકે તેમને લશ્કરી હાજરી અને સંદેશાવ્યવહાર તપાસમાં વધારો થઈ શકે છે. અમેરિકન સેનાએ ચેતવણી આપી છે કે પરવાનગી વિના ઈરાની બંદરોમાં પ્રવેશતા અથવા બહાર નીકળતા કોઈપણ જહાજને રોકવામાં, વાળવામાં અથવા જપ્ત કરવામાં આવી શકે છે. હાલમાં ઈરાની બંદરોમાં તટસ્થ જહાજોને પણ છોડવા માટે મર્યાદિત સમય આપવામાં આવ્યો છે.

દરમિયાન ઈરાને કડક ચેતવણી જારી કરીને કહ્યું છે કે તે તેના દરિયાઈ ક્ષેત્રમાં કોઈપણ દખલગીરી સહન કરશે નહીં. જો નાકાબંધી ચાલુ રહેશે તો તેણે અન્ય મુખ્ય પ્રાદેશિક બંદરો અને દરિયાઈ ટ્રાફિક માર્ગોને વિક્ષેપિત કરવાની ધમકી આપી છે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર

- ગુજરાત સમાચારે નોઈડના કારીગરો કાળઝાળ-ભારે હિંસાના સમાચારને કર્મચારીઓની તસવીરો સાથે મુખ્ય બનાવ્યા છે.
- જયારે દેશના અનેક ભાગમાં ચાલુ વર્ષે ઓછો વરસાદ થશે - હવામાન વિભાગ આ સમાચારનું બોક્સ બનાવ્યું છે
- ફૂલછાબે જળ માર્ગ બન્યો અગ્નિપથને હેડલાઇન બનાવી છે અને નોઇડા શ્રમિકોના પ્રદર્શનને બીજા મુખ્ય સમચારા બનાવ્યાં છે
- નવ ગુજરાત સમયે હોર્મુંઝ પર અંકુશની લડાઈ વકરી;US -ઈરાન સામ- સામેની હેડલાઇન બનાવી છે
- સ્થાનિક સમાચારમાં સ્થાનિક સ્વરાજ ચુંટણીના ઉમેદવારી પત્રોની ચકાસણી અંગેના સમાચારને છેલ્લા પાન પર છાપ્યા છે

---------------------------------------------------